# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૧૮/૩/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# કોરોના વાયરસ સામે રક્ષણ આપતા માસ્ક અને સુટ બનાવતા મેન્યુફેક્ચરર્સ અને વેપારીઓએ તાત્કાલિક ધોરણે ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ ટેક્ષટાઇલને વિગત આપવાની રહેશે

સુરત : ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ ટેક્ષટાઇલના સેક્રેટરી સાથે આજે સાંજે ૪:૩૦ કલાકે કલેકટર કચેરી ખાતે કલેકટરશ્રીની અધ્યક્ષતામાં વિડિયો કોન્ફરન્સ યોજાઇ હતી. જેમાં ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયા અને એકઝીબીશન સેલ હેડ શ્રી દેવેશ પટેલ પણ ઉપસ્થિત રહયા હતા.

વિડિયો કોન્ફરન્સમાં મિનિસ્ટ્રી ઓફ ટેક્ષટાઇલના સેક્રેટરી દ્વારા જણાવવામાં આવ્યુ હતુ કે, દેશભરમાં ખૂબ જ મોટાપાયા ઉપર કોરોના વાયરસ સામે રક્ષણ આપતા માસ્ક અને સુટ બનાવવામાં આવી રહયાં છે, પરંતુ કેટલાક વેપારીઓ દ્વારા મનફાવે તેમ માસ્કના ભાવ વસૂલવામાં આવી રહયાં છે. આથી સરકારે માસ્ક અને સુટના વેચાણ માટે એચએલએલ કંપનીને ઓથોરાઇઝ્ડ કરી તેને નોડેલ એજન્સી બનાવી છે. આથી કોરોના વાયરસ સામે રક્ષણ આપતા માસ્ક (N 95, 2 or 3 લેયર) તેમજ સુટ બનાવતા વેપારીઓએ એચએલએલ કંપનીને માસ્ક અને સુટ આપવાના રહેશે. લોકોની જરૂરિયાત મુજબ આ કંપની દ્વારા લોકોને રાહત દરે માસ્કનું વેચાણ કરવામાં આવશે. તદુપરાંત માસ્ક અને સુટના ભાવો વધારીને લોકો પાસેથી વધુ નાણાં વસૂલનારા વેપારીઓ સામે કાયદેસરની કાર્યવાહી પણ કરવામાં આવશે તેમ તેમણે જણાવ્યુ હતુ.

ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ ટેક્ષટાઇલ દ્વારા કોરોના વાયરસ સામે રક્ષણ આપતા માસ્ક અને સુટ બનાવતા મેન્યુફેકચરર્સ/વેપારીઓની વિગત તાત્કાલિક ધોરણે સરકારને ફરજિયાત મોકલવાની છે. આથી વેપારીઓએ પોતાની વિગત સરકારી વિભાગના અધિકારીઓના મોબાઈલ નં. ૯૩૮૦૩૧૨૩૪૫, ૯૪૫૮૯૧૧૯૧૩ અને ૯૯૧૦૯૧૧૩૯૬ ઉપર લખાવવાની રહેશે.

ચેમ્બરે પણ આ વેપારીઓની માહિતી મિનિસ્ટ્રી ઓફ ટેક્ષટાઇલ સુધી પહોંચાડવાની કામગીરી આરંભી છે. આ વેપારીઓને ચેમ્બરના મોબાઈલ નં. ૭૨૧૧૧૭૩૧૦૨ અથવા લેન્ડલાઇન નં. ૦૨૬૧ – ૨૨૯૧૧૬૦ ઉપર તેઓની વિગત લખાવવા વિનંતિ કરવામાં આવી છે.